# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૭ તા.૧૪-૩-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તા.૨૧ માર્ચ-૨૦૧૮ના રોજ 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની ઉજવણી કરવા બાબત

સંદર્ભ :- ક્રમાંકઃ-વનમ/૧૩/બ/૭૩૪૫-૪૫ /૨૦૧૭-૧૮ નાયબ વનસંરક્ષકશ્રીની કચેરીનો તા.૧૩-૩-૧૮નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવામાં આવે છે કે, ૨૧ માર્ચનો દિવસ 'આંતરરાષ્ટ્રીય વન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વન અને પર્યાવરણ વિભાગ દ્વારા 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની ઉજવણીના ભાગરૂપે માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તા.૨૧ માર્ચ-૨૦૧૮ બુધવારના રોજ સવારે ૮-૦૦ થી ૯-૪૫ કલાક સુધી બાયસેગ દ્વારા તમામ સેટકોમ કેન્દ્રો પર ઉદ્દબોધન કરવામાં આવનાર છે. જેની વ્યવસ્થાના ભાગરૂપે આપની શાળામાં શિક્ષકો તથા વિદ્યાર્થીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ પ્રકૃતિ અને વૃક્ષપ્રેમીઓ , સહભાગી વનવ્યવસ્થા સમિતિના હોદ્દેદારો આ કાર્યક્રમ નિહાળે તે માટે જરૂરી સૂચના તથા વ્યવસ્થા આપની કક્ષાએથી કરશો.આ સાથે સંદર્ભિત પત્ર સામેલ છે.

તા.૧૪-૩-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક: વનમ/૧૩/બ/ ૧૩૫૧-૭૬ /૨૦૧૭-૧૮

**નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી**
સામાજીક વનીકરણ વિભાગ,
ઈન્દિરાબ્રિજ પાસે, હાંસોલ નર્સરી,
સરદારનગર, અમદાવાદ-૩૮૨૪૭૫
તા.૧૩/૦૩/૨૦૧૮

પ્રતિ,
**કમિશ્નરશ્રી,**
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,
દાણાપીઠ, અમદાવાદ.

**વિષય : તા. ૨૧મી માર્ચ, ૨૦૧૮ "આંતર રાષ્ટ્રીય વન દિવસ" નિમિત્તે શ્રી વિજયભાઈ રૂપાણી, માનનીય મુખ્ય મંત્રીશ્રીના બાયસેગનો સેટકોમ દ્વારા ઉદ્દબોધન કાર્યક્રમ બાબત...**

સવિનય સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, દર વર્ષ ૨૧મી માર્ચ "આંતર રાષ્ટ્રીય વન દિવસ" ની ઉજવણી કરવામાં આવે છે, અને આ નિમિત્તે સમગ્ર રાજ્યમાં રાજ્યના માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજ્યભાઈ રૂપાણીનું ઉદ્દબોધન તા. ૨૧-૦૩-૨૦૧૮ ના રોજ અમદાવાદના સેટકોમ કેન્દ્રો ખાતે સવારે : ૮.૦૦ કલાકથી ૯.૪૫ કલાક દરમ્યાન પ્રસારિત થનાર છે. આ કાર્યક્રમમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની સ્કૂલ, બોર્ડની તમામ શાખાઓના સેટકોમ સેન્ટર ઉપર મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, કોર્પોરેશનના અધિકારીશ્રીઓ તથા મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીઓ જોડાય તે માટે યોગ્ય વ્યવસ્થા થવા વિનંતી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના તમામ સેટકોમ સેન્ટરોમાં તા. ૨૧-૦૩-૨૦૧૮ ના રોજ માન. મુખ્ય મંત્રીશ્રીનું ઉદ્દબોધન સુચારૂરૂપે પ્રસારીત થાય તે માટે સેટકોમ સેન્ટરોના ઉપકરણોની ચકાસણી કરી લેવા પણ સબંધિત અધિકારીશ્રીઓને સુચના આપવા વિનંતી છે.

નાયબ વન સંરક્ષક
સામાજીક વનીકરણ વિભાગ
અમદાવાદ

**નકલ સવિનય રવાના :** શાસનાધિકારીશ્રી, મ્યુનિસિપાલીટી, સ્કુલ બોર્ડ, અમદાવાદ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.